# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-10-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્ય સરકાર-મોંઘવારી ભથ્થામાં વધારો:

રાજ્ય સરકારે છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય મળી કુલ ૪ લાખ ૬૯ હજાર કર્મયોગીઓ અને અંદાજે ૪ લાખ ૮૨ હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.

----------------------------------------------------------------------------------------------------

## કફ સિરપ દવાઓ :

રાજ્ય સરકારે ધોરણ વગરની એટલે કે, નૉટ ઑફ સ્ટાન્ડર્ડ જાહેર થયેલી કફ સિરપ દવાઓનું ઉત્પાદન કરતી રાજ્યની પેઢીઓ સામે કડક પગલા લીધા છે. આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, સુરેન્દ્રનગરની મેસર્સ શેપ ફાર્મા પ્રાઇવેટ લિમિટેડ અને અમદાવાદની મેસર્સ રેડનેક્સ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા કેન્દ્રીય ઔષધ ધારાધોરણ નિયંત્રણ સંસ્થા – C.D.S.C.O. દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિના આધારે બંને પેઢીને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો છે. સાથે જ ગુણવત્તા વગરની દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પરત ખેંચવા પણ આદેશ અપાયા છે.

સાથે જ સાવચેતીના ભાગરૂપે બંને પેઢીમાંથી અન્ય કફ સિરપના કુલ 14 નમૂના લઈ તેને ચકાસણી માટે પ્રયોગશાળા મોકલાયા હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

---

## દિવાળી વેકેશન:

શિક્ષણ વિભાગે રાજ્યની શાળાઓમાં 21 દિવસનું દિવાળી વેકેશન જાહેર કર્યું છે. માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 16 ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી વેકેશન રહેશે. જયારે, પ્રાથમિક વિભાગનું વેકેશન 17 ઓક્ટોબર થી 6 નવેમ્બર જાહેર કરવામાં આવ્યું છે.

---

## અંજાર-સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ:

અંજારમાં નાગલપર રોડ પર 25 કરોડના ખર્ચે નિર્માણ થયેલી 100 પથારીઓ ધરાવતી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સંપૂર્ણ તૈયાર થઇ ગઈ છે અને આગામી સમયમાં તેના લોકાર્પણ માટેનો તખતો ગોઠવાઇ રહ્યો છે.અદ્યતન સાધનો અને સારવાર પધ્ધતિઓ સાથેની આ સરકારી હોસ્પિટલ અંજાર શહેર અને આસપાસના ગામડાઓના લોકો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

---

## ગાંધીધામ-આદિપુર રેલવે ટ્રેક:

પૂર્વ કચ્છમાં ગાંધીધામ- આદિપુર સેક્શનમાં રેલ્વેનું ફોર લેન ટ્રેકનું કામ મંજૂર થયા બાદ પૂરજોશમાં આ કામ આગળ વધી રહ્યું છે, હાલમાં નવા પાટા પાથરવામાં આવી રહ્યા છે. આ ફોર લેન ટ્રેક બનતાની સાથે નવી ટ્રેન સેવાઓ શરૂ થવા સાથે ટ્રેન વ્યવહાર પણ વધુ સુગમ બનશે.

દરમ્યાન, આ કામગીરી અંતર્ગત અપલાઈન કામ કરવાનું હોવાથી ગળપાદર ફાટક આગામી 8 મીએ રાતે 8 થી સવારે 5 અને જુમાપીર ફાટક 9 મીએ રાતે 8 થી સવારે 5 દરમ્યાન બંધ રહેશે તેમ રેલવે વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## આવતીકાલે વાયુસેના દિવસ:

આવતીકાલે વાયુસેના દિવસની ઉજવણી કરવામાં આવશે. ભુજ એરફોર્સના એર કોમોડોર કે.પી.એસ. ધામે આ અંગે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ-કે.પી.એસ. ધામે- ભુજ એરફોર્સ એર કોમોડોર)

---------------------------------------------------------------------------------------------------

## સ્વચ્છ ભારત મિશન:

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લા પંચાયત દ્વારા 15મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ 19 ઈ-રિક્ષા અને 7 ટ્રેક્ટર-ટ્રોલી જેવા વાહનો વિવિધ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવ્યા છે. આ વાહનોનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાળવણી માટે કરવામાં આવશે. જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિહ જાડેજા અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના હસ્તે આ વાહનોને લીલીઝંડી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના હોદ્દેદારો તેમજ વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો  અને તલાટીઓ પણ હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદથી નુકસાન:

ભચાઉ શહેર અને તાલુકામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ વરસાદથી ભચાઉ કૃષિ વિદ્યાલયમાં સંશોધન દ્વારા તૈયાર કરાયેલું ચોળા, મગ સહિતનું કઠોળનું બિયારણ ભેજ લાગવાથી નષ્ટ થયું છે.

ખેતીવાડી સંશોધન અધિકારીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું કે, ખેડૂતોને ઉત્તમ બિયારણ મળી રહે તે હેતુથી ચોળી, મગ અને અડદનું અનેક પ્રયોગો બાદ 40 એકર જમીનમાં લગભગ 500 કિલોગ્રામ જેટલું બિયારણ ઉછેરવામાં આવ્યું હતું. જેને કાપણી પછી સૂકવા માટે મૂકવામાં આવ્યું હતું. અચાનક વરસાદ પડતાં બિયારણ બગડી ગયું છે. જોકે, વધુ નુકસાન અટકાવવા માટે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા બિયારણને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------------